# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો
# સને ૨૦૦૬-૨૦૦૭ ના
# સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોનો
# અન્વેષણ અહેવાલ.....

પ્રતિ,

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી

નવરંગપુરા

અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબોના સને ૨૦૦૬-૨૦૦૭ ના અન્વેષણ અહેવાલની અનુક્રમણિકા.


| અનુ. નંબર | ફકરા નંબર | વિગત. | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૧ | હોદ્દેદારોની વિગત. | 1 |
| ૨ | ૨ | પૂર્વ અન્વેષણના બાકી ફકરાઓની વિગત. | 3 |
| ૩ | ૩ | જી.પી.એફ.ના કુલ-ચાલુ ખાતેદાર તથા ટ્રાન્ઝેકશન નહીં હોવાછતાં બંધ થયેલ ના હોય તેવા ખાતેદારની માહિતી મળવા અંગે. | 5 |
| ૪ | ૪ | સામાન્ય ભવિષ્યનિધિ તેમજ સી.પી.એફ.ના બંધ ખાતાઓ નિભાવવા અંગેની અનિયમિતતા. | 7 |
| ૫ | ૫ | જી.પી.એફ.ના નોમીનેશનમાં જણાયેલ અનિયમિતતા અંગે. | 9 |
| ૬ | ૬ | સી.પી.એફ.એકા. ધરાવતા કર્મચારીઓને પ્રો.ફંડ લોનની ચૂકવણી કરવા અંગેની અનિયમિતતા. | 11 |
| ૭ | ૭ | વાર્ષિક હિસાબ (પ્રો.ફંડ) સરવૈયામાં લેણામાં રૂા.૬૨૯-૦૦ દર્શાવેલ રકમની અનિયમિતતા અંગે. | 13 |
| ૮ | ૮ | પ્રો.ફંડની રકમ લાંબા સમયથી સસ્પેન્સ સદરે બાકી ખેંચાવવા અંગેની અનિયમિતતા બાબત. | 14 |
| ૯ | ૯ | જનરલ પ્રોવિડન્ટ ફંડ તથા વર્ધિત પ્રો.ફંડના હિસાબી રજીસ્ટરોની અનિયમિતતા બાબત. | 15 |
| ૧૦ | ૧૦ | સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની કપાતની/ ટ્રાન્સફરની રકમો ટ્રેઝરી ખાતેના પી.એલ.એ.માં વિલંબથી જમા કરાવવા બાબત. | 17 |

| અનુ. નંબર | ફકરા નંબર | વિગત. | પાના નંબર |
|---|---|---|---|
| ૧૧ | ૧૧ | ભવિષ્ય નિધિની રકમ જનરલ ફંડ ખાતે દર્શાવવા અંગે. | ૨૦ |
| ૧૨ | ૧૨ | રાજય સરકારનું પ્રો.ફંડ ભંડોળ સરકારશ્રીમાં આવક તરીકે જમા ન કરાવવા બાબત. | 21 |
| ૧૩ | ૧૩ | કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા તથા મેળવણાંની પ્રથા અપનાવવા અંગે. | 22 |
| ૧૪ | ૧૪ | પ્રમાણપત્રો | 24 |
| ૧૫ | ૧૫ | હિસાબી પત્રકો ૧ થી ૬. | 26 |

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૬–૦૭ ના વર્ષનો સામાન્ય ભવિષ્યનિધિનો અન્વેષણ અહેવાલ....

---

નંબર: એલ/એ.એમ.ડી/ગુ.યુનિ/સાભનિ/૨૦૦૬–૦૭/

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
છઠ્ઠો માળ, જિલ્લા પંચાયત બિલ્ડીંગ,
લાલદરવાજા, અમદાવાદ–૩૮૦ ००૧.
તારીખઃ – –૨૦૧૧.

**પ્રેષકઃ**

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
"વિમા અનેલેખા ભવન"
સેકટર–૧૦–બી, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

પ્રતિ,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
જિ. અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોનું સને ૨૦૦૬–૦૭ ના વર્ષનું અન્વેષણ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ–૧૯૪૯ ના નિયમ–(૪૯) અન્વયે તા.૧૩–૯–૧૦ થી ૨૮–૨–૧૧ દરમ્યાન હાથ ધરી પૂર્ણ કરેલ હતું.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતા.

| અ.નં. | હોદ્દેદાર | હોદ્દેદારનું નામહોદ્દો | સમયગાળો. |
|---|---|---|---|
| ૧ | ઈ.ચા.કુલપતિશ્રી | ડો.પી.એમ.ત્રિવેદી | તા.૧૫–૨–૦૬ થી ૨૬–૬–૦૬ |
| ૨ | કુલપતિશ્રી | ડો.પી.એમ.ત્રિવેદી | તા.૨૭–૬–૦૬ થી |
| ૩ | કુલસચિવશ્રી | શ્રી એ.વી.ભંડારી | તા.૩૧–૧–૨૦૦૭ |

**ફકરા નંબર: ૧**

---

અન્વેષણ વર્ષ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે રહયા હતા.

| અનુ. નંબર | હોદ્દેદાર | હોદ્દેદારનું નામ | સમયગાળો. |
|---|---|---|---|
| ૧ | ઈ.ચા. કુલપતિશ્રી | ડૉ.પી.એમ.ત્રિવેદી | તા.૧૫–૨–૨૦૦૬ થી ૨૬–૬–૨૦૦૬ |
| ૨ | કુલપતિશ્રી | ડૉ.પી.એમ.ત્રિવેદી | તા.૨૭–૬–૨૦૦૬ થી |
| ૩ | કુલ સચિવશ્રી | શ્રી એ.વી.ભંડારી | તા.૩૧–૧–૨૦૦૭ |

**ફકરા નંબરઃ ૨** **પૂર્વ ઓડીટ**

અગાઉના વર્ષોના અન્વેષણના બાકી ફકરાઓની પૂર્તતા બાકી રહેલ ફકરાઓની વર્ષવાર માહિતી દર્શાવતું પત્રક...

| અ. નં. | ઓડીટ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરા. | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા. | વર્ષના અંતે બાકી ફકરા. | ફકરા નંબર |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૧૯૭૯–૮૦ | ૨ | --- | ૨ | ૫ અને ૭ |
| ૨ | ૧૯૮૦–૮૧ | ૧ | --- | ૧ | ૧ |
| ૩ | ૧૯૮૧–૮૨ | ૩ | --- | ૩ | ૨,૪,૬ |
| ૪ | ૧૯૮૨–૮૩ | ૧૦ | --- | ૧૦ | ૧ થી ૧૦ |
| ૫ | ૧૯૮૩–૮૪ | ૭ | --- | ૭ | ૧ થી ૫,૯ અને ૧૦ |
| ૬ | ૧૯૮૪–૮૫ | ૧૧ | --- | ૧૧ | ૧થી ૬,૯,૧૧થી ૧૪ |
| ૭ | ૧૯૮૫–૮૬ | ૧૧ | --- | ૧૧ | ૧,૨,૩,૫,૬,૭,૯, ૧૧ થી ૧૪ |
| ૮ | ૧૯૮૬–૮૭ | ૨ | --- | ૨ | ૪ અને ૬ |
| ૯ | ૧૯૮૭–૮૮ | ૧ | --- | ૧ | ૬ |
| ૧૦ | ૧૯૮૮–૮૯ | ૧૨ | --- | ૧૨ | ૧ થી ૧૨ |
| ૧૧ | ૧૯૮૯–૯૦ | ૧૦ | --- | ૧૦ | ૧ થી ૧૦ |
| ૧૨ | ૧૯૯૦–૯૧ | ૧૭ | --- | ૧૭ | ૧ થી ૧૭ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૯૯૧–૯૨ | ૧૪ | ––– | ૧૪ | ૧ થી ૧૪ |
| ૧૪ | ૧૯૯૨–૯૩ | ૮ | ––– | ૮ | ૩ થી ૧૦ |
| ૧૫ | ૧૯૯૩–૯૪ | ૯ | ––– | ૯ | ૧ થી ૯ |
| ૧૬ | ૧૯૯૪–૯૫ | ૧૨ | ––– | ૧૨ | ૧ થી ૧૨ |
| ૧૭ | ૧૯૯૫–૯૬ | ૧૩ | ––– | ૧૩ | ૧ થી ૧૩ |
| ૧૮ | ૧૯૯૬–૯૭ | ૯ | ––– | ૯ | ૧ થી ૯ |
| ૧૯ | ૧૯૯૭–૯૮ | ૧૪ | ––– | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૦ | ૧૯૯૮–૯૯ | ૧૨ | ––– | ૧૨ | ૧ થી ૧૨ |
| ૨૧ | ૧૯૯૯–૦૦ | ૧૪ | ––– | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૨ | ૨૦૦૦–૦૧ | ૧૬ | ––– | ૧૬ | ૧ થી ૧૬ |
| ૨૩ | ૨૦૦૧–૦૨ | ૧૪ | ––– | ૧૪ | ૧ થી ૧૪ |
| ૨૪ | ૨૦૦૨–૦૩ | ૧૧ | ––– | ૧૧ | ૧ થી ૧૧ |
| ૨૫ | ૨૦૦૩–૦૪ | ૧૦ | ––– | ૧૦ | ૧ થી ૧૦ |
| ૨૬ | ૨૦૦૪–૦૫ | ૧૧ | ––– | ૧૧ | ૧ થી ૧૧ |
| ૨૭ | ૨૦૦૫–૦૬ | ૧૩ | | ૧૩ | ૧ થી ૧૩ |
| | કુલ..... | ૨૬૮ | ––– | ૨૬૮ | |

**<u>ફકરા નંબરઃ ૩</u>** **જી.પી.એફ.ના કુલ– ચાલુ ખાતેદાર તથા ટ્રાન્ઝેકશન નહીં હોવા છતાં બંધ થયેલ ના હોય તેવા ખાતેદારની માહિતી સંબંધેની અનિયમિતતા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના જી.પી.એફ. તથા સી.પી.એફ.ના અન્વોણ દરમ્યાન સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

૧(અ) યુનિવર્સિટીમાં કોઈ કર્મચારી ટ્રાન્સફર થઈને બહારથી આવેલ હોય તેનો જી.પી.એફ.નો એકા.તબદીલ થઈ અત્રે આવેલ હોય તેની નોંધ દર્શાવતું રજીસ્ટર રાખવું જરૂરી છે. અન્ય સ્થળેથી તબદીલ થઈને આવેલ રકમની વ્યાજની ગણતરી કયાંસુધી થઈને આવેલ છે. તેમજ અત્રેની સંસ્થામાં રકમ ખાતામાં કયારે જમા કરાવેલ છે તેમજ વ્યાજ ગણતરી કયારથી કરવામાં આવેલ છે. તેની ચકાસણી તથા તબદીલ થઈને આવેલ રકમની સાધનિક રેકર્ડ સાથે ઓડીટને ચકાસણી કરવા માટે રજીસ્ટર તથા સાધનિક રેકર્ડની ફાઈલ નિભાવવી જરૂરી છે પરંતુ સંસ્થા દ્વારા આવા કોઈ રેકોર્ડ નિભાવવામાં આવતા નથી.

(બ) ઉપર દર્શાવેલ વિગત પ્રમાણે કોઈ કર્મચારી બદલી થઈને યુનિવર્સિટીની બહાર જતા હોય અને જી.પી.એફ./ સી.પી.એફ.એકાઉન્ટ ટ્રાન્સફર કરવાનો હોય ત્યારે તેની વિગત દર્શાવતું રજીસ્ટર તેમજ સાધનિક રેકર્ડની ફાઈલ નિભાવવી જરૂરી હોઈ ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

૨. બ્રોડશીટમાં દર માસના અંતે જે કર્મચારી નિવૃત થયા હોય કે અવસાન પામેલ હોય કે બદલી થઈને ગયેલ કર્મચારીનો હિસાબ ટ્રાન્સફર કરેલ હોય કે બહારથી કર્મચારી બદલી થઈને આવેલ હોય તેની દરેક વિગત સાથે જી.પી.એફ.ના

કુલ ખાતેદારની સંખ્યા તથા માસ દરમ્યાન કેટલા ખાતા બંધ થયા તેની વિગત તથા નવા ખાતા ખોલ્યા હોય તો તેની વિગત તથા માસના અંતે કુલ કેટલા ખાતા ચાલુમાં છે તેની વિગત દર્શાવતી તારીજ કાઢવાની પ્રથા ચાલુ કરવા ઓડીટ અનુરોધ છે. યુનિવર્સિટીના ઓડીટ વર્ષ દરમ્યાન બ્રોડશીટની ચકાસણી કરતાં ૧૭ જેટલા ખાતા નિષ્ક્રિય હાલમાં વધુ ઓછી રકમ સાથેના ખેંચાતા આવેલ છે. ઉપર દર્શાવેલ વિગતે તારીજ કાઢવાની પ્રથા નહીં હોવાથી ખરેખર જી.પી.એફ. એકા.ના કુલ કેટલા ખાતેદાર છે અને કેટલા ખાતા નિષ્ક્રિય હાલતમાં ખેંચાતા રહેલ છે. તેની માહિતી મળી શકેલ નથી. જેથી બ્રોડશીટમાં દર માસે તારીજ કાઢવાની પ્રથા અપનાવવાથી ચાલુ સમયે કેટલા ખાતેદારની કપાત ચાલુ છે અને કેટલા નિષ્ક્રિય ખાતા વધારાના બંધ હાલતમાં છે તેની વિગતની ચકાસણી થઈ શકે.

આમ, ઉક્ત વિગતો આવરી લેતી માહિતી તૈયાર કરવા તેમજ તે મુજબ હિસાબી નોંધો કરી રેકોર્ડ અદ્યતન રાખવા ઓડીટનો અનુરોધ છે.

સંસ્થાએ વાંધામાં દર્શાવ્યા મુજબ માહિતી જવાબ સાથે રજૂ કરેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**ફકરા નંબર: ૪** **સામાન્ય ભવિષ્યનિધિ તેમજ સી.પી.એફ.ના બંધ ખાતાઓ નિભાવવા અંગેની અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના અન્વેષણ દરમ્યાન જી.પી.એફ. તેમજ સી.પી.એફ.ના હિસાબોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે, કેટલાક ખાતાઓમાં કોઈપણ રકમ ફાળા કે વસુલાત પેટે જમા કરવામાં આવેલ ન હતી અને વ્યાજની ગણતરી વગર ખાતાઓ નિષ્ક્રિય હાલતમાં છે. પરિશિષ્ટ-૧ની વિગત અને અગાઉના ઓડીટ રિપોર્ટનો અભ્યાસ કરતાં વર્ષોવર્ષ આગળ ખેંચાતા રહેલ છે. આ બાબતે યુનિવર્સિટી દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની વિગત ઓડીટને રજૂ કરવી ઘટે.

જે ખાતેદારની રકમ ઘણાં લાંબા સમયથી પડી રહેલ હોય તે ખાતેદારને આ બાબતે જાણ કરી રકમની ચૂકવણી બાબતે ઘટીત કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? ઓડીટને ખાત્રી કરાવવી ઘટે. સરકારશ્રી દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી જી.પી.એફ.ના નવા ખાતા ખોલવાના બંધ થયેલ છે. તેમજ વર્ષ દરમ્યાન કર્મચારી નિવૃત થતાં જી.પી.એફ.એકાઉન્ટ બંધ થતા ચાલુ ખાતા પૂરતા જ હિસાબો નિભાવવાના રહે અને બિન-જરૂરી બંધ હાલતમાં રહેલા ખાતેદારના લાગુ પડતા વિભાગ/ કર્મચારી સાથે પત્રવ્યવહાર કરી તેની યાદી તૈયાર કરી તેના આખરી ચૂકવણા અંગેની કાર્યવાહી હાથ ધરી ચૂકવણું કરી અનિયમિત રીતે ચાલુ રહેલ ખાતા બંધ કરવા ઘટીત કાર્યવાહી થવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ પ્રા.વાંધા નં. ૪૨ નો જવાબ કરેલ છે. સામેલ પરિશિષ્ટ ક્રમ નં. ૧૧ ના કર્મચારીને વા.નં.૬૮૧૧/૧૫-૨-૨૦૧૦ થી ચૂકવણું કરતાં તે નામ રદ કરેલ છે. બાકીના કર્મચારીઓના બંધ ખાતાઓ નિભાવેલ હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## પરિશિષ્ટ–૧

સામાન્ય ભવિષ્યનિધિ તથા સી.પી.એફ.ના બંધ ખાતાઓ નિભાવવા અંગેની વિગત દર્શાવતું પત્રક :

| અ.નં. | કર્મચારીનો ખાતા નંબર | કર્મચારીનું નામ | સિલકની રકમ. રૂા. | વિશેષનોંધ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૮૮૯ | કુ.પી.આર.શાહ | ૨,૭૪૮–૦૦ | |
| ૨ | ૧૧૧૬ | શ્રી બી.આર.શુકલ | ૪૨,૪૮૯–૦૦ | |
| ૩ | ૧૦૧૫ | શ્રી જી.આર.ઠાકોર | ૧,૩૭૩–૦૦ | |
| ૪ | ૧૧૮૬ | શ્રી વાય.એન.ગઢવી | ૪૪,૧૫૫–૦૦ | |
| ૫ | ૭૭૯ | શ્રી પી.એલ.ગજ્જર | ૪,૬૮૯–૦૦ | |
| ૬ | ૮૫૬ | શ્રીમતી જે.એન.ચૌધરી | ૯,૯૩૩–૦૦ | |
| ૭ | ૭૫૧ | શ્રીમતી જે.જે.મહેતા | ૨,૫૪૯–૦૦ | |
| ૮ | ૬૭૮ | શ્રી ડી.સી.વાઘેલા | ૨૪૭–૦૦ | |
| ૯ | ૧૦૮૧ | શ્રી જી.બી.ડામોર | ૧૧,૫૯૦–૦૦ | |
| ૧૦ | ૮૧૭ | શ્રી એન.કે.વાકાની | ૧,૩૯૧–૦૦ | |
| ૧૧ | ૧૦૬૯ | શ્રી એ.એસ.સબીન | ૧૫,૮૧૪–૦૦ | |
| ૧૨ | ૧૧૭૭ | શ્રી એમ.આર.નાયક | ૩૨,૯૧૫–૦૦ | |
| ૧૩ | ૧૨૯૧ | શ્રી એમ.આઈ.શાહ | ૧,૧૬,૭૭૩–૦૦ | |
| ૧૪ | ૮૮૫ | શ્રી એમ.એમ.મહીડા | ૫૮,૧૧૦–૦૦ | |
| ૧૫ | ૧૦૨૩ | શ્રી આઈ.એન.શેખ | ૫,૭૪૯–૦૦ | |
| | | | | |
| | | ::સી.પી.એફ:: | | |
| ૧ | ૧૦૫૧ | શ્રી રવિ પી.સિંહા | ૧૫,૨૩૩–૦૦ | |
| ૨ | ૩૬૦ | શ્રી એચ.જે.તિવારી | ૯૫,૦૬૯–૦૦ | |

**ફકરા નંબર: ૫** જી.પી.એફ.ના નોમીનેશનમાં જણાયેલ અનિયમિતતા અંગે...

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના ઓડીટ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિનાં હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ છે કે, જે તે ભવિષ્યનિધિનાં નિયુકતપત્રનું રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી. તેમજ ભરાયેલ નિયુકિતપત્રના ફોર્મ્સ સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણિત કરવામાં આવેલ નથી. સરકારશ્રીના પ્રવર્તમાન ભવિષ્યનિધિનાં નિયમોનુસાર સામાન્ય રીતે કર્મચારીનાં કુટુંબનાં સભ્યોનું નિયુકિતપત્ર ભરવામાં આવે છે અને જો કુટુંબ ધરાવતા ન હોય તો જ અન્ય વ્યકિતના નામે નોમીનેશન ભરવાના હોય છે અને જયારે કર્મચારી કુટુંબ ધરાવે ત્યારે આવું નોમીનેશન રદ કરવાનું હોય છે. સામેલ પરિશિષ્ટ-૨ ની વિગતે નમૂનારૂપ કિસ્સાઓમાં કર્મચારીએ તેના કુટુંબના સભ્યોના નામે ૫૦% રકમ અને પરિશિષ્ટમાં સભ્યોના નામે ૫૦% રકમ આપવાનું જણાવેલ છે. આમ ૧૦૦% રકમ કુટુંબના સભ્યોને આપવા માટેનું નોમીનેશન ન ભરતાં ૫૦% ફેમીલી મેમ્બર અને ૫૦% અન્ય સભ્યના નામે નોમીનેશન ભરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં નાણાં વિભાગના તા.૨૩-૬-૨૦૦૦ ના પરિપત્રથી તમામ કર્મચારીઓના નવેસરથી નોમીનેશન ફોર્મ ભરાવી રેકર્ડ ઉપર રાખવા સૂચના છે. તો સદર ઠરાવથી નિયત કરેલ ફોર્મમાં નોમીનેશન ભરાવી અન્વેષણની ખાત્રી કરાવવી ઘટે. જેથી કર્મચારીના અવસાનના પ્રસંગે તેમના વારસદારોને નાણાં મેળવવામાં વિલંબ, કાયદાકીય ગૂંચ નિવારી સહેલાઈથી ચૂકવણાં કરી શકાય.

સંસ્થાએ પ્રા.વાંધા નં.   નો જવાબ આપેલ ના હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

## પરિશિષ્ટ–ર

જી.પી.એફ.નોમીનેશનમાં નિયુકત કરેલ સભ્યોની વિગત દર્શાવતું પરિશિષ્ટ :

| અ.નં. | એમ્પ્લોઈઝ નંબર | નિયુકત કરેલ સભ્યોની વિગત. | રીમાર્કસ્. |
|---|---|---|---|
| ૧ | ૧૫૧૬ | પિતા | ફેમીલી ધરાવતા હોવા છતાં અન્ય સભ્યોના નામનું નિયુકિત ફોર્મ્સ ભરેલ છે. |
| ૨ | ૧૪૮૫ | ભાઈ | |
| ૩ | ૧૪૬૨ | માતા | |
| ૪ | ૧૪૫૫ | પિતા | |
| ૫ | ૧૩૨૯ | માતા | |

**<u>ફકરા નંબરઃ ૬</u>** **સી.પી.એફ.એકા. ધરાવતા કર્મચારીઓને પ્રો.ફંડ લોનની ચૂકવણી કરવા અંગેની અનિયમિતતા...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન સી.પી.એફ. હિસાબોના ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે, સી.પી.એફ. એકાઉન્ટ ધરાવતા કર્મચારીને પ્રો.ફંડ લોનની ચૂકવણી કરવામાં આવે છે. જે બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) સી.પી.એફ. એકા. ધરાવતા કર્મચારીને જે લોન આપવામાં આવે છે તે લોનની રકમ કર્મચારીના ખાતામાં ઉધારવામાં આવતી નથી. પરંતુ તેનું અલગ રજીસ્ટર નિભાવવામાં આવે છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) કર્મચારીના ખાતામાં ઉધારવામાં નથી આવતી તે રકમની સરકારશ્રીના ભંડોળમાંથી ચૂકવણી કરવામાં આવે છે તેમ ઓડીટનું માનવું છે. તો આવી લોન સરકારશ્રીની મંજુરીથી ચૂકવવામાં આવે છે કે કેમ? જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) કર્મચારીને આપવામાં આવતી લોન ઉપર ૮% અથવા તો જે વ્યાજ સી.પી.એફ.– જી.પી.એફ.ની રકમ ઉપર જે તે સમયે મળવાપાત્ર હોય તે દર પ્રમાણે વ્યાજ વસુલ કરવામાં આવે છે. તો સી.પી.એફ.એકા. ધરાવતા કર્મચારીને મકાનલોન તેમજ અન્ય લોન ૮% ના દરે સરકારી ભંડોળમાંથી ચૂકવવા અંગે આધારસહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) સી.પી.એફ.એકા. ધરાવતા કર્મચારીને ક્યા નિયમના આધારે લોન ચૂકવવામાં આવે છે તેની સ્પષ્ટતા થવી ઘટે.

(૫) કર્મચારીને વધુમાં વધુ કેટલી રકમ તથા કયા કયા હેતુ માટે તથા કર્મચારીના નોકરીના કેટલા વર્ષે મળવાપાત્ર થાય છે તેના નિયમોની પ્રમાણિત નકલ રજૂ થવી ઘટે.

સંસ્થાએ આપેલ જવાબ મુજબ અલગ રજીસ્ટર રાખવામાં આવે છે તેવું જણાવેલ છે. પરંતુ કર્મચારીના ખાતામાંથી રકમ બાદ કરાતી ના હોઈ જવાબ ગ્રાહય રાખવામાં આવેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે. ઉકત પ્રકારે લોન આપવાની પ્રથા બંધ કરી સરકારશ્રીમાં મુંબઈ સામાન્યભવિષ્યનિધિના નિયમોના નિયમ–૧૪ તેમજ ૧૫ માં થયેલ જોગવાઈ મુજબ જી.પી.એફ.ખાતેદારોને પેશગી તેમજ પાર્ટફાઈનલ ચૂકવણી થવી જોઈએ. જયારે સી.પી.એફ.ખાતેદારોના કિસ્સામાં લોન/ પેશગી આપવા બાબતે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ વિસ્તૃત માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી કરવા ઓડીટનો અનુરોધ છે.

**<u>ફકરા નંબર: ૭</u>** **વાર્ષિક હિસાબ (પ્રો.ફંડ) માં સરવૈયાના લેણામાં રૂા.૬૨૯–૦૦ દર્શાવેલ રકમની અનિયમિતતા અંગે...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના ઓડીટ દરમ્યાન રજૂ કરેલ સામાન્ય ભવિષ્યનિધિના વાર્ષિક હિસાબમાં પ્રો.ફંડના સરવૈયામાં લેણાં બાજુ રૂા.૬૨૯–૦૦ ની રકમ દર્શાવેલ છે. જેની વિગતમાં ડી.એ.પી.એફ. દર્શાવેલ છે. જેની નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

પાકા સરવૈયામાં લેણાં બાજુ ડી.એ.પી.એફ.ની રકમ દર્શાવેલ હોઈ સદર રકમ યુનિવર્સિટીએ (સંસ્થા) કોઈ કર્મચારીને વધારે ચૂકવી હોય અને કર્મચારી/ પેન્શનર પાસે વસુલ લેવાની હોય તો કેવા સંજોગોમાં વધારે ચૂકવેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે તથા સત્વરે સદર રકમ જે તે કર્મચારી– પેન્શનર પાસેથી વસુલ લઈ સરકારશ્રીમાં પરત જમા કરાવી ઓડીટે રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ જવાબ આપેલ છે કે આ અંગે ઘટતું કરવામાં આવશે. પરંતુ કર્મચારી પાસેથી રકમ વસુલ કરેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વસુલાતની રકમ રૂા. ૬૨૯–૦૦

**<u>ફકરા નંબરઃ ૮</u>** **પ્રો.ફંડની રકમ લાંબા સમયથી સસ્પેન્સ સદરે બાકી ખેંચાવવા અંગેની અનિયમિતતા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન પ્રોવિડન્ટ ફાળાના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે, રૂા.૬૨,૫૯૪–૦૫ જેટલી રકમ સસ્પેન્સ હેડે દર્શાવેલ હતી. અગાઉના વર્ષમાં પણ આ રકમ સસ્પેન્સ હેડે દર્શાવેલ હતી. તો ઉપરોકત રકમ ખરેખર કયા સદરની છે? તેની વિગતો મેળવી જે તે સદરે રકમ જમા લઈ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

નિયમોનુસાર ઉપલક હિસાબો (સસ્પેન્સ એકાઉન્ટ) ખાતેની સિલકો વર્ષ આખરે જે તે સદરે ઉધાર જમાની નોંધ સાથે સરભર કરી હિસાબો પૂર્ણ કરવાના રહે છે. જયારે ઉપરોકત વિગતે સસ્પેન્સ એકાઉન્ટ ખાતે દર્શાવેલ રકમ વરસોવરસ ખેંચાતી આવેલ હોઈ આ હિસાબી અનિયમિતતા જોવા મળેલ છે. તો સદર બાબતે જરૂરી કાર્યવાહી કરી હિસાબો નિયમિત કરી તેની આધારસહ ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ જવાબ કરેલ છે. પરંતુ રકમ સસ્પે.એકા.ખાતે જ ચાલુ રાખેલ હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે. સંસ્થાએ જવાબમાં જણાવેલ છે કે, કર્મચારી નિવૃત થયેલ હોઈ અને પછી રજા કે પગાર તફાવતની રકમ તેમને ચૂકવવાની થતી હોય અને કર્મચારીઓના સરનામા બદલાતા હોઈ સંપર્ક થઈ શકતો ન હોઈ ચૂકવણું કરવામાં આવેલ નથી. જેથી આગલા વર્ષના ઓડીટ ચૂકવણાં કર્યા અંગેની ખાત્રી રેકર્ડ આધારીત કરાવવી ઘટે.

વધુમાં, નિવૃત કર્મચારીઓના કિસ્સામાં સદરહુ રકમો તેમના પેન્શન સંબંધે ખોલાવે બેંક એકાઉન્ટમાં જમા કરાવી ચૂકવણું કરવા ઓડીટનું સૂચન છે.

**ફકરા નંબરઃ ૯** જનરલ પ્રોવિડન્ટ ફંડ તથા વર્ધિત પ્રો.ફંડના હિસાબી રજીસ્ટરોની અનિયમિતતા બાબત...

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬-૦૭ ના ઓડીટ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોની ચકાસણી કરતાં પ્રો.ફંડ તેમજ વર્ધિત ફંડની ધ્યાને આવેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) જી.પી.એફ.તથા સી.પી.એફ.માંથી ચૂકવાતી પેશગીઓ તેમજ અંશતઃ આખરી ઉપાડના વાઉચરો જનરલ વાઉચર ફાઈલ સાથે રાખવામાં આવેલ છે. તેની સ્થળપ્રત માટે કોઈ ફાઈલ નિભાવવામાં આવતી નથી. પરિણામે, દરેક વાઉચર માટે જુદી જુદી જનરલ ફાઈલો ચકાસવાની રહે છે. જેથી સમયનો ઘણોજ વ્યય થાય છે. તો ભવિષ્યમાં પ્રો.ફંડ તેમજ વર્ધિત ફંડના વાઉચરો અલગ ફાઈલમાં રાખવા ઓડીટ સૂચન છે.

(૨) સી.પી.એફ.ના હિસાબોમાં ફકત બ્રોડશીટ નિભાવવામાં આવેલ છે. પરંતુ લેજર એકાઉન્ટ નિભાવવામાં આવેલ નથી. જેથી કર્મચારીઓને ચૂકવેલ પેશગીઓ, અંશતઃ ઉપાડની ખાત્રી થઈ શકતી નથી. તેમજ વ્યાજ ગણતરીની ખાત્રી થઈ શકતી નથી. વર્ષ દરમ્યાન જમા થયેલ તેમજ ઉપાડ થયેલ રકમની વર્ષની કુલ રકમ સાથે મેળવણી થઈ શકતી નથી. તો સત્વરે લેજર નિભાવી આ અંગે ઓડીટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) જી.પી.એફ. તેમજ સી.પી.એફ.ના રજીસ્ટરોમાં સરવાળા, વ્યાજની રકમ, ટોટલ, સમરી વગેરે મહત્વની બાબતો પેન્સિલથી લખવામાં આવી છે જે બીલકુલ યોગ્ય નથી. તેના કારણે રેકર્ડ સાથે ચેડા થવાની સંભાવના રહે છે. આ રીતે પેન્સિલથી લખેલ આકડાઓ ઓડીટમાં માન્ય રહી શકે નહીં. તો

ભવિષ્યમાં આવા હિસાબો બોલપેનથી લખવા ઓડીટ સૂચન છે.

સંસ્થાએ જવાબ આપેલ છે. ઉપરોકત વાંધા નં.(૨) ગ્રાહ્ય રાખી વાંધો પડતો મૂકવામાં આવેલ છે. બાકીના જવાબો માંગ્યા મુજબના ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

**ફકરા નંબર: ૧૦** **સામાન્ય ભવિષ્યનિધિ ફાળાની કપાતની ટ્રાન્સફરની રકમો ટ્રેઝરી ખાતેના પી.એલ.એ.માં વિલંબથી જમા કરાવવા બાબત...**

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન પ્રો.ફંડના હિસાબોની ચકાસણી કરતાં સામાન્ય ભવિષ્યનિધિની કર્મચારીઓની કપાતની રકમ તથા બીજી યુનિવર્સિટી/ કોલેજોમાંથી ટ્રાન્સફર થઈને આવેલ કર્મચારીઓની રકમ ટ્રેઝરીના પી.એલ.એ. સદર ૮૩૩૬ સીવીલ ડીપોઝીટ પી.એફ.માં જમા કરાવવામાં આવે છે. જે બાબતે નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ નંબર: તજર/૧૦૭૯/૧૪૨૪/ઝ તા.૨૩–૫–૭૮ ની જોગવાઈ મુજબ કર્મચારીના પગારમાંથી ભવિષ્યનિધિની કપાત કરેલ રકમો તથા બીજી કોલેજોમાંથી કે યુનિવર્સિટીમાંથી ટ્રાન્સફર થઈને આવેલ કર્મચારીઓના ફાળાની જમા કરવાની રકમો વિના વિલંબે ટ્રેઝરી ખાતેના પી.એલ.એમાં જે તે મહીનાની દસમી તારીજ સુધીમાં જમા કરાવવાની રહે છે. આમછતાં નમૂનારૂપ ચકાસણી કરતાં આ સાથેના સામેલ પરિશિષ્ટ–૩ની વિગતે કપાત કરેલ રકમો તથા ટ્રાન્સફર થઈને આવેલ કર્મચારીઓના ફાળાની રકમો ટ્રેઝરીમાં વિલંબથી જમા કરાવવામાં આવે છે. તેને કારણે રૂા.૩૨,૩૪૫–૦૦ના વ્યાજનું નુકશાન થયેલ છે. સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૧–૨–૯૬ ના ઠરાવની જોગવાઈ મુજબ વ્યાજના નુકશાનની રકમ સંસ્થાએ સ્વભંડોળમાંથી ખર્ચ કરી સરકારશ્રીમાં જમા કરાવી ઓડીટને જાણ કરવી ઘટે.

આ બાબતે દર વર્ષે ઓડીટ દ્વારા ધ્યાન દોરવા છતાં આ જ બાબતોનું પુનરાવર્તન થયા કરે છે, જે યોગ્ય ના ગણાય. તો સદર બાબતે સ્પષ્ટતાસહ પૂર્તતા થવી ઘટે.

સંસ્થાએ વાંધાનો જવાબ આપેલ છે. પરંતુ વાંધામાં જણાવ્યા મુજબની પૂર્તતા થયેલ ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

સામાન્ય ભવિષ્યનિધિની ટ્રાન્સફરની રકમો સરકારી તિજોરીમાં વિલંબથી જમા કરાવવાની વિગત દર્શાવતું **પરિશિષ્ટ –૩**

| અનુક્રમ નંબર | કર્મચારીનું નામ | રકમ. રૂા. | યુનિ./ જે તે કોલેજમાં ચેક મળ્યા તારીખ. | સરકારશ્રીમાં જમા કરાવ્યા તારીખ. | વિલંબના મહીના | વ્યાજખાધની રકમ. રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સી.બી.કોળી | ૨૦૯૮૨૭–૦૦ | ૭–૪–૦૬ | ૧૮–૪–૦૬ | ૧ માસ | ૧,૪૬૬–૦૦ |
| ૨ | ડૉ.ઉત્પલ જોષી | ૨,૩૬,૩૬૦–૦૦ | ૮–૫–૦૬ | ૨૬–૫–૦૬ | ૧ માસ | ૧,૫૭૬–૦૦ |
| ૩ | શ્રી પી.એન.ગજ્જર | ૧,૦૭,૧૦૫–૦૦ | ૧૮–૫–૦૬ | ૧૭–૬–૦૬ | ૧ માસ | ૨,૦૪૭–૦૦ |
| ૪ | શ્રી એમ.ડી.પાંડે | ૧,૧૪,૭૯૬–૦૦ | ૨૧–૭–૦૬ | ૨૭–૭–૦૬ | ---- | ---- |
| ૫ | શ્રી જે.સી.પટેલ | ૩,૯૯,૪૪૯–૦૦ | ૧૭–૭–૦૬ | ૧૧–૮–૦૬ | ૧ માસ | ૨,૬૬૩–૦૦ |
| ૬ | શ્રી એલ.બી.જયોર્જ | ૨,૧૯,૧૫૦–૦૦ | ૧૭–૭–૦૬ | ૧૧–૮–૦૬ | ૧ માસ | ૧,૪૬૧–૦૦ |
| ૭ | શ્રી એચ.એ.મોદી | ૫,૮૯,૧૭૬–૦૦ | ૧૦–૮–૦૬ | ૧૪–૮–૦૬ | ૧ માસ | ૩,૯૨૮–૦૦ |
| ૮ | શ્રી એમ.એન.મૈસુરીયા | ૩,૩૧,૯૩૯–૦૦ | ૧૭–૧૦–૦૬<br>કોલેજમાં આવ્યા તારીખ. | ૨૦–૧૨–૦૭ | ૨ માસ | ૪,૪૨૬–૦૦ |
| ૯ | શ્રી એસ.ડી.પટેલ | ૧,૫૬,૩૮૫–૦૦ | ૨૯–૧૧–૦૬<br>કોલેજમાં આવ્યા તારીખ. | ૧૯–૨–૦૭ | ૬ માસ | ૩,૧૨૯–૦૦ |
| ૧૦ | શ્રી દિનેશ જે.પંચાલ | ૩,૫૪,૫૨૫–૦૦ | ૬–૨–૦૭ | ૧૪–૩–૦૭ | ૨ માસ | ૪,૭૨૭–૦૦ |
| | | | | | | ૨૫,૪૨૩–૦૦ |

સામાન્ય ભવિષ્યનિધિની કપાતની રકમો સરકારી તિજોરીમાં વિલંબથી જમા કરાવવાની વિગત દર્શાવતું પત્રક "બ"

| અનુક્રમ નંબર | રકમ. રૂા. | કપાતનો માસ. | જમા કરાવ્યા તારીખ | વિલંબનો સમયગાળો. | વ્યાજખાધની રકમ.રૂા. | રીમાર્કસ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧,૬૬,૭૫૪–૦૦ | માર્ચ–૨૦૦૬ | ૧૩–૪–૨૦૦૬ | ૧ માસ | ૫,૭૭૮–૦૦ | ૧૦ તારીખ સુધીમાં કપાતની રકમ સરકારી તિજોરીમાં જમા ન કરાવતાં એક માસની વ્યાજખાદ્ય દર્શાવેલ છે. |
| ૨ | ૬૫,૩૭૭–૦૦ | ––"–– | ૧૨–૪–૨૦૦૬ | ૧ માસ | ૪૩૬–૦૦ | |
| ૩ | ૧૭,૫૨૮–૦૦ | ––"–– | ૧૩–૪–૨૦૦૬ | ૧ માસ | ૧૧૭–૦૦ | |
| ૪ | ૧૭,૫૨૮–૦૦ | એપ્રિલ–૨૦૦૬ | ૧૨–૫–૨૦૦૬ | ૧ માસ | ૧૧૭–૦૦ | |
| ૫ | ૧૬,૫૬૦–૦૦ | જુલાઈ–૨૦૦૬ | ૧૧–૮–૨૦૦૬ | ૧ માસ | ૧૧૦–૦૦ | |
| ૬ | ૨૧,૬૯૦–૦૦ | સપ્ટેમ્બર–૨૦૦૬ | ૧૧–૯–૨૦૦૬ | ૧ માસ | ૧૪૪–૦૦ | |
| ૭ | ૧૧,૯૬૭–૦૦ | એપ્રિલ–૦૬ થી જુલાઈ–૦૬ સુધી | ૧૧–૧૦–૨૦૦૬ | ૧ માસ | ૮૦–૦૦ | |
| ૮ | ૨૧,૦૨૩–૦૦ | જાન્યુઆરી–૨૦૦૭ | ૧૨–૨–૨૦૦૭ | ૧ માસ | ૧૪૦–૦૦ | |
| | | | | | ૬,૯૨૨–૦૦ | |

**<u>ફકરા નંબર: ૧૧</u>** **ભવિષ્ય નિધિની રકમ જનરલ ફંડ ખાતે દર્શાવવા અંગે...**

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના ઓડીટ દરમ્યાન સામાન્ય ભવિષ્ય નિધિના હિસાબોની ચકાસણી કરતાં તા.૩૧–૩–૨૦૦૭ ના કાચા સરવૈયામાં લેણાં બાજુ ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડની રકમ રૂા.૧૩,૧૫,૦૫૨–૫૧ દર્શાવેલ છે. જેની નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

પ્રો.ફંડની કપાત, સી.પી.એફ.ની કપાત કે અન્ય કોઈ આવકની રકમ તિજોરી કચેરી ખાતેના પી.એલ.એ. માં જમા કરાવવાની હોય છે. જયારે યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના જનરલફંડમાં આટલી મોટી રકમ જમા રાખવા બદલ આધારસહ સ્પષ્ટતા થવી ઘટે. તથા સત્વરે સદર તથા તે રકમ ઉપર સંસ્થાએ બેંકમાંથી મેળવેલ વ્યાજ સહીત કુલ રકમ તિજોરી ખાતેના પી.એલ.એ.માં જમા કરાવી રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રા.વાંધાનો જવાબ આપેલ છે. પરંતુ વાંધામાં જણાવ્યા મુજબનો ન હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

વાંધાહેઠળરકમરૂા.૧૩૧૫૦૫૨–૫૧

<u>ફકરા નંબર: ૧૨</u> રાજય સરકારનું પ્રો.ફંડ ભંડોળ સરકારશ્રીમાં આવક તરીકે જમા ન કરાવવા બાબત... (કોડ નંબર: ૮૨૩૪૦૦૦)

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના ઓડીટ વર્ષ દરમ્યાન રજૂ કરેલ સામાન્ય ભવિષ્ય નિધિના દફતરની ચકાસણી કરતાં જણાયેલ છે કે, તા.૩૧–૩–૨૦૦૭ ના કાચા સરવૈયામાં દેવા બાજુ રાજય સરકારનું પ્રોવિડન્ડ ફંડ ભંડોળ (એકા.કોડ નંબર:૮૨૩૪૦૦૦) માં રકમ રૂા.૧,૦૯,૧૪,૩૬૫–૪૫ દર્શાવેલ છે.

વર્ષ ૨૦૦૬–૦૭ માં સરકારશ્રી તરફથી રૂા.૧,૦૪,૫૬,૦૯૦–૦૦ વ્યાજ ફાળવેલ છે. જયારે યુનિવર્સિટી ખાતેના કર્મચારીઓને તા.૩૧–૩–૨૦૦૭ ના કાચા સરવૈયામાં કુલ અલગ–અલગ વ્યાજ રૂા.૯૦,૭૩,૬૭૪–૦૦ દર્શાવેલ છે. આમ, વર્ષ ૨૦૦૬–૦૭ માં રૂા.૧૩,૮૨,૪૧૬–૦૦ વધારે વ્યાજ સરકારશ્રી તરફથી મળેલ છે. તા.૩૧–૩–૨૦૦૭ ના કાચા સરવૈયામાં દર્શાવેલ ખાતાના કોડ નંબર: ૮૨૩૪૦૦૦ સામે દર્શાવેલ રકમ રૂા. ૧,૦૯,૧૪,૩૬૫–૪૫ સરકારશ્રીમાં પરત જમા કરાવવી ઘટે.

વર્ષ ૨૦૦૬–૦૭ માં ફાળવેલ વ્યાજની રકમ, કર્મચારીઓને ચૂકવવાપાત્ર વ્યાજની રકમ કરતાં જે રકમ રૂા.૧૩,૮૨,૪૧૬–૦૦ વધારે આવેલ છે. તે રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવી ઓડીટે રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.
પત્રક–૧ મુજબ વાર્ષિક હિસાબની બંધ સિલક રૂા.૧૨૪૧૮૪૪૪૨/– છે જયારે પત્રક–૨ મુજબ બંધ સિલક રૂા.૧૩૦૨૮૧૦૦૫–૦૫ છે તો તફાવત રહેવાના કારણો શોધી તફાવત દુર કરી ખાતરી કરાવવી.

સંસ્થાએ પ્રા.વાંધા નં. ૭૨ નો જવાબ આપેલ ના હોઈ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

સરકારશ્રીમાં જમા કરાવવાપાત્ર રૂા.૧૩૮૨૪૧૬/–

**ફકરા નંબર: ૧૩** **કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા તથા મેળવણાંની પ્રથા અપનાવવા અંગે....**

---

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના અન્વેષણ દરમ્યાન કર્મચારીઓના ભવિષ્યનિધિના હિસાબોની નોંધ દર્શાવતી પાસબુક નિભાવવામાં આવતી નથી. જે ધ્યાને આવેલ હોઈ નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

નાણાં વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક: જીપીએફઆર/૧૦૮૪/૮૨૯/ચ તા.૧૧–૪–૧૯૮૫ ના ઠરાવ અનુસાર વર્ગ–૩ ના કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબો માટે પાસબુક નિભાવવા બાબતે આદેશ કરાયેલ છે. તા.૧–૪–૮૫ થી ઉકત પ્રથા અમલમાં આવેલ છે. ઠરાવની શરતોમાં જણાવ્યાનુસાર શરત (છ) દરેક નાણાંકીય વર્ષનાં અંતે ઉપાડ અને વહેંચણી અધિકારીએ દરેક પાસબુકમાં એવી મતલબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે કે, " દરેક નોંધો યોગ્ય રીતે કરવામાં આવે છે અને કોઈ નોંધ કરવાની બાકી રહેતી નથી."

(ચ) નાણાં વિભાગના તા.૧૧–૩–૧૯૮૧ ના સરકારી ઠરાવ નંબર: પીએફઆર/૧૦૮૧/૩૭૦/ચ માં જણાવ્યા મુજબ જી.પી.એફ.નું મેળવણું કરવાનું રહે છેજેના માટે પાસબુકનો ઉપયોગ પણ થઈ શકે છે અને જી.પી.એફ.ની સ્લીપમાં કોઈ ભૂલ માલુમ પડે તો આવી ભૂલ હિસાબના મેળવણાં વખતે પૂરેપૂરી વિગતો સાથે સ્લીપ ઈસ્યુ કરનાર ઓથોરીટીને પૂરી પાડવાથી જમા–ઉધારની બાકીઓનું મેળવણું કરી તફાવત દૂર કરી શકાય છે. આમ જી.પી.એફ.ની પાસબુક નિભાવવાની પ્રથા અમલમાં મૂકાય તો કર્મચારીને પોતાના જી.પી.એફ.ના હિસાબોની પારદર્શકતાની ખાત્રી મળી રહે. જેથી ઉકત સૂચનનો અમલ કરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થા દ્વારા પા.વાંધા નં. ૩૭ નો જવાબ રજૂ થયેલ છે. તેમાં જણાવેલ છે કે, " યુનિવર્સિટીના કર્મચારીની બદલી બહાર થતી નહીં હોવાથી પાસબુક નિભાવવામાં આવતી નથી. " સરકારશ્રીનો ઠરાવ બદલીપાત્ર કર્મચારી માટે પાસબુક નિભાવવા અંગેનો નથી. પરંતુ હિસાબોની પારદર્શકતા અને સાતત્ય જળવાઈ રહે તેમજ કર્મચારીના હિસાબોની વાર્ષિક સ્લીપ સાથે હિસાબમેળ મેળ કરતાં ચોકકસ હિસાબો નિભાવવાતા હોવાની ખાત્રી મળી રહે તે માટેનો હોઈ ઓડીટ સૂચન અનુસાર ઘટીત કાર્યવાહીનો અમલ કરી આગામી ઓડીટે રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી ઘટે.

::પ્રમાણપત્રો::

**ફકરા નંબર: ૧૪(ક)**

વાર્ષિક હિસાબોની કસોટીરૂપ ચકાસણી યુનિવર્સિટીએ નિભાવેલ સામાન્ય ખાતાવહી, અનામતો અને ઉપલક રકમોની નોંધ પ્રમાણપત્રો, તેમજ બીજી રાખેલ નોંધ, પત્રકો કે જે ઓડીટ દરમ્યાન રજુ કરવામાં આવેલ હતા તેની સાથે તપાસ કરતાં આ અન્વેષણ અહેવાલમાં લેવામાં આવેલ વાંધા ફકરાઓને આધીન રહીને સાચા હોવાનું જણાયેલ છે.

**ફકરા નંબર: ૧૪(ખ)**

આથી જણાવવામાં આવે છે કે, પ્રોવિડન્ટ ફંડના હિસાબોની નિભાવણી સંતોષકારક નથી. આ મહત્વના નાણાંકીય હિસાબોની નિભાવણી પ્રત્યે યોગ્ય લક્ષ આપવામાં આવતું નથી જે સ્થિતિ તાકીદે સુધારો માંગે છે.

**ફકરા નંબર: ૧૪(ગ)**

આ ઓડીટ અહેવાલ મળ્યા તારીખથી ૪ માસમાં તેની પૂર્તતા કરી જવાબો તૈયાર કરીને મોકલી આપવા વિનંતી છે.

**ફકરા નંબર: ૧૪(ઘ)**

સામાન્ય વાંધાઓનું પત્રક નિભાવેલ નથી. હિસાબોને લગતા પત્રક નંબર: ૧ થી ૫ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

Sd/-
નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**નકલ સાદર રવાના:**

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) "વિમા અને લેખા ભવન", બ્લોક નંબરઃ ૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ

**અસલપ્રત પર નિરીક્ષકશ્રીની સહી છે.**

## <u>પત્રક–૧</u>

## <u>વાર્ષિક હિસાબોની તારીજ...</u>

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૬–૦૭ ના વર્ષની વાર્ષિક હિસાબોની તારીજ...

| | | |
|---|---|---|
| | ઉઘડતી સિલક. | ૧૧,૯૦,૧૦,૦૦૨–૦૦ |
| | **આવક:** | |
| (૧) | વર્ષ દરમ્યાન આવેલ ફાળાની રકમ. | ૧,૫૧,૦૬,૦૯૦–૦૦ |
| (૨) | પેશગીની વસુલાતની કુલ રકમ. | ——— |
| (૩) | અન્ય આવક (વ્યાજ સાથે) | ૧,૦૪,૫૬,૦૯૦–૦૦ |
| | કુલ.....રૂા.... | ૧૪,૪૫,૭૨,૧૮૨–૦૦ |
| | **ખર્ચ:** | |
| (૧) | વર્ષ દરમ્યાન આવેલ હંગામી પેશગીની કુલ રકમ. | ——— |
| (૨) | વર્ષ દરમ્યાંન અંશતઃ અને આખરી ઉપાડની કુલ રકમ. | ૨,૦૩,૮૭,૭૪૦–૦૦ |
| (૩) | અન્ય ખર્ચ. | ——— |
| | બંધ સિલક...રૂા..... | ૧૨,૪૧,૮૪,૪૪૨–૦૦ |

## પત્રક–૨

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સામાન્ય ભવિષ્યનિધિના હિસાબોનું તા.૩૧–૩–૨૦૦૭ નારોજનું વાર્ષિક સરવૈયું...

| | જવાબદારીઓ. | રકમ. રૂા. | | અસ્કયામતો. | રકમ. રૂા. |
|---|---|---|---|---|---|
| (૧) | આખીયા કાગળ (બ્રોડશીટ) મુજબ બચતદારોના નામે જમા રહેતી રકમ. | ૧૨,૨૮,૦૨,૦૨૬–૦૦ | (૧) | રોકાણો(લોન–બાંધકામ લોન) | ૨૨,૦૨,૨૦૧–૦૦ |
| | | | (૨) | સરકારશ્રીમાંથી મેળવવાની વ્યાજની બાકી રકમ. | ––––– |
| (૨) | ઉપલક હિસાબ. | ૯૨,૯૯૫–૪૪ | (૩) | યુનિ.જનરલ ફંડમાંથી તબદીલ કરવાના બાકી. | ૧૩,૧૫,૦૫૨–૫૧ |
| (૩) | સરકારશ્રીમાં જમા કરાવવાના વ્યાજની રકમ.(વધારે મળેલ રકમ) | ૧,૦૯,૧૪,૩૬૫–૪૫ | | (અ) હાથ પરની સિલક. | ––––– |
| | | | | (બ) બેંક સિલક. | ૧૦,૪૯૯–૩૩ |
| | | | | (ક) સરકારી તિજોરીમાં ડીપોઝીટ તરીકે રહેલ સિલક. | ૧૩,૦૨,૮૧,૦૦૫–૦૫ |
| | | | (૪) | ઉપલક હિસાબ (એડીડીએ ડીફરન્સ) | ૬૨૯–૦૦ |
| | કુલ..રૂા.. | ૧૩,૩૮,૦૯,૩૮૬–૮૯ | | કુલ..રૂા.. | ૧૩,૩૮,૦૯,૩૮૬–૮૯ |

## પત્રક–૩

ગુજરાત યુનિવર્સિટી , અમદાવાદના વ્યાજની ગણતરી તથા સરકાર/ સંસ્થામાંથી મળેલ/ મેળવવાનું સરભર કરવાના વ્યાજની વિગતો દર્શાવતું પત્રક : સને ૨૦૦૬–૨૦૦૭.

| અનુક્રમ નંબર | વર્ષ | બોડશીટ કે લેજરને આધારે વ્યક્તિગત ખાતામાં એકંદરે જમા આપેલ કુલ વ્યાજ. રૂા. | સરકારશ્રીમાંથી મેળવવાનું વ્યાજ જમા- ઉધાર કરેલ રકમો સિલકના આધારે. | સંસ્થાએ ભરપાઈ કરવાનું વ્યાજ સરકારમાં જમા ન કરાવેલ રકમોનું વ્યાજ. રૂા. | સરકારશ્રી તરફથી ખરેખર મળેલ વ્યાજ. રૂા. | સંસ્થાએ જમા કરાવેલ વ્યાજની રકમ. રૂા. | સરકારશ્રીમાંથી મેળવવાનું બાકી વ્યાજ મેળવેલ વધુ વ્યાજ. | અગાઉના વર્ષોનું વધુ/ ઓછું મળેલ વ્યાજમાંથી સરભર થયેલ વ્યાજ. રૂા. | હવે બાકી રહેતું સરભર કરવાનું વધુ/ ઓછું વ્યાજ. રૂા. | સંસ્થા પાસેથી બાકી વસુલ લેવાનું બાકી વ્યાજ. રૂા. | આગલા છ વર્ષનું બાકી લેવાનું વ્યાજ. રૂા. | વર્ષના અંતે સંસ્થા પાસેથી કુલ વસુલ લેવાનું વ્યાજ. રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |
| ૧ | ૨૦૦૬–૦૭ | ૯૦,૭૩,૬૭૪–૦૦ | | | ૧,૦૪,૫૬,૦૯૦–૦૦ | | | | | | | |

## પત્રક–૪

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના કર્મચારીઓના પગારમાંથી કપાત કરેલ રકમો અને તેમાંથી સરકારશ્રીમાં જમા કરાવેલ રકમોની વિગત દર્શાવતું પત્રક :–

| અ. નં. | પગારનો માસ તથા અન્ય ચૂકવણાંના માસની વિગતો. | પગાર તથા અન્ય રકમો ચૂકવ્યાની તારીખ. | કપાત કરેલ પ્રો.ફંડની રકમ લોન એરીયર્સની રકમ. | કપાત થયેલ કુલ રકમો પૈકી સરકારશ્રીમાં જમા કરાવેલ રકમો. રૂા. | સરકારશ્રીમાં જમા કરાવ્યા તારીખ. | સરકારશ્રીમાં જમા કરાવવાની બાકી રહેલ રકમ. રૂા. | જમા કરાવવાની બાકી રહેતી રકમોની વિગત. | તારીખ | ઓડીટ તારીખે જમા કરાવવાની બાકી રકમ. રૂા. | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ૧ | માર્ચ–૦૬ | ૧–૪–૦૬ | ૮૬૬૭૫૪/– | ૮૬૬૭૫૪/– | ૧૩–૪–૦૬ | | | | | |
| ૨ | ––"––– | ૧–૪–૦૬ | ૬૫,૩૭૭/– | ૬૫,૩૭૭/– | ૧૨–૪–૦૬ | | | | | |
| ૩ | –"–– | ૩–૪–૦૬ | ૧૭,૫૨૮/– | ૧૭,૫૨૮/– | ૧૩–૪–૦૬ | | | | | |
| ૪ | એપ્રિલ–૦૬ | ૧–૫–૦૬ | ૮,૫૭,૧૯૭/– | ૮,૫૭,૧૯૭/– | ૬–૫–૦૬ | | | | | |
| ૫ | –"–– | ૧–૫–૦૬ | ૬૫,૪૦૪/– | ૬૫,૪૦૪/– | ૬–૫–૦૬ | | | | | |
| ૬ | –"–– | ૧–૫–૦૬ | ૧૭,૫૨૮/– | ૧૭,૫૨૮/– | ૧૨–૫–૦૬ | | | | | |
| ૭ | મે–૦૬ | ૧–૬–૦૬ | ૯,૨૮,૦૪૩/– | ૯,૨૮,૦૪૩/– | ૬–૬–૦૬ | | | | | |
| ૮ | –"–– | ૧–૬–૦૬ | ૬૫,૫૦૯/– | ૬૫,૫૦૯/– | ૭–૬–૦૬ | | | | | |
| ૯ | –"–– | ૨–૬–૦૬ | ૧૬,૫૨૮/– | ૧૬,૫૨૮/– | ૯–૬–૦૬ | | | | | |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | જુન–૦૬ | ૧–૭–૦૬ | ૮,૧૯,૧૮૯/– | ૮,૧૯,૧૮૯/– | ૭–૭–૦૬ | | | | | |
| ૧૧ | ––"–– | ૧–૭–૦૬ | ૬૩,૫૦૯/– | ૬૩,૫૦૯/– | ૮–૭–૦૬ | | | | | |
| ૧૨ | ––"–– | ૩–૭–૦૬ | ૧૬,૫૨૮/– | ૧૬,૫૨૮/– | ૧૦–૭–૦૬ | | | | | |
| ૧૩ | જુલાઈ–૦૬ | ૧–૮–૦૬ | ૮,૧૯,૪૭૮/– | ૮,૧૯,૪૭૮/– | ૫–૮–૦૬ | | | | | |
| ૧૪ | ––"–– | ૧–૮–૦૬ | ૬૩,૫૬૧/– | ૬૩,૫૬૧/– | ૮–૮–૦૬ | | | | | |
| ૧૫ | ––"–– | ૧–૮–૦૬ | ૧૬,૫૬૦/– | ૧૬,૫૬૦/– | ૧૧–૮–૦૬ | | | | | |
| ૧૬ | ઓગષ્ટ–૦૬ | ૧–૯–૦૬ | ૯,૪૪,૨૪૯/– | ૯,૪૪,૨૪૯/– | ૬–૯–૦૬ | | | | | |
| ૧૭ | ––"–– | ૧–૯–૦૬ | ૧૯,૬૧૭/– | ૧૯,૬૧૭/– | ૮–૯–૦૬ | | | | | |
| ૧૮ | ––"–– | ૧–૯–૦૬ | ૭૩,૪૪૪/– | ૭૩,૪૪૪/– | ૮–૯–૦૬ | | | | | |
| ૧૯ | સપ્ટેમ્બર–૦૬ | ૩–૧૦–૦૬ | ૯,૨૮,૫૬૩/– | ૯,૨૮,૫૬૩/– | ૯–૧૦–૦૬ | | | | | |
| ૨૦ | ––"–– | ૩–૧૦–૦૬ | ૭૪,૦૧૧/– | ૭૪,૦૧૧/– | ૧૦–૧૦–૦૬ | | | | | |
| ૨૧ | ––"–– | ૪–૧૦–૦૬ | ૨૧,૬૦૯/– | ૨૧,૬૦૯/– | ૧૧–૧૦–૦૬ | | | | | |
| ૨૨ | એપ્રિલ–૦૬થી જુલાઈ–૦૬ સુધી ૫૦% ડી.એ. મર્જ કર્યું તે એરીયર્સની રકમ. | | ૪,૯૪,૯૨૮/– | ૪,૯૪,૯૨૮/– | ૯–૧૦–૦૬ | | | | | |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | એપ્રિલ–૦૬થી જુલાઈ–૦૬ સુધી ૫૦% ડી.એ. મર્જ કર્યું તે એરીયર્સની રકમ. | | ૩૮,૪૫૬/– | ૩૮,૪૫૬/– | ૧૦–૧૦–૦૬ | | | | | |
| ૨૪ | ––"–– | ૫–૧૦–૦૬ | ૧૧,૯૭૭/– | ૧૧,૯૭૭/– | ૧૧–૧૦–૦૬ | | | | | |
| ૨૫ | ઓક્ટોબર–૦૬ | ૧–૧૧–૦૬ | ૯,૩૨,૮૨૮/– | ૯,૩૨,૮૨૮/– | ૪–૧૧–૦૬ | | | | | |
| ૨૬ | ––"–– | ૩૦–૧૦–૦૬ | ૭૪,૧૫૩/– | ૭૪,૧૫૩/– | ૬–૧૧–૦૬ | | | | | |
| ૨૭ | ––"–– | ૧–૧૧–૦૬ | ૨૨,૦૯૪/– | ૨૨,૦૯૪/– | ૯–૧૧–૦૬ | | | | | |
| ૨૮ | નવેમ્બર–૦૬ | ૧–૧૨–૦૬ | ૯,૨૫,૫૧૨/– | ૯,૨૫,૫૧૨/– | ૬–૧૨–૦૬ | | | | | |
| ૨૯ | ––"–– | ૫–૧૨–૦૬ | ૨૦,૮૫૭/– | ૨૦,૮૫૭/– | ૯–૧૨–૦૬ | | | | | |
| ૩૦ | ––"–– | ૫–૧૨–૦૬ | ૬૮,૧૬૩/– | ૬૮,૧૬૩/– | ૭–૧૨–૦૬ | | | | | |
| ૩૧ | ડીસેમ્બર–૦૬ | ૨–૧–૦૭ | ૬૮,૩૩૧/– | ૬૮,૩૩૧/– | ૫–૧–૦૭ | | | | | |
| ૩૨ | ––"–– | ૨–૧–૦૭ | ૯,૩૯,૫૬૦/– | ૯,૩૯,૫૬૦/– | ૯–૧–૦૭ | | | | | |
| ૩૩ | ––"–– | ૨–૧–૦૭ | ૨૦,૯૪૮/– | ૨૦,૯૪૮/– | ૧૦–૧–૦૭ | | | | | |
| ૩૪ | જાન્યુઆરી–૦૭ | ૧–૨–૦૭ | ૯,૪૨,૧૯૬/– | ૯,૪૨,૧૯૬/– | ૫–૨–૦૭ | | | | | |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫ | જાન્યુઆરી–૦૭ | ૧–૨–૦૭ | ૬૬,૩૩૧/– | ૬૬,૩૩૧/– | ૫–૨–૦૭ | | | | | |
| ૩૬ | ––"–– | ૧–૨–૦૭ | ૨૧,૦૨૩/– | ૨૧,૦૨૩/– | ૧૨–૨–૦૭ | | | | | |
| ૩૭ | ફેબ્રુઆરી–૦૭ | ૧–૩–૦૭ | ૯,૩૮,૧૦૨/– | ૯,૩૮,૧૦૨/– | ૬–૩–૦૭ | | | | | |
| ૩૮ | ––"–– | ૧–૩–૦૭ | ૨૧,૦૨૩/– | ૨૧,૦૨૩/– | ૬–૩–૦૭ | | | | | |
| ૩૯ | ––"–– | ૧–૩–૦૭ | ૬૫,૩૭૦/– | ૬૫,૩૭૦/– | ૩–૩–૦૭ | | | | | |
| | | | | ૧,૨૩,૩૨,૦૦૮/– | | | | | | |

## પત્રક–૫

સંસ્થાનું નામઃ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ..  સનેઃ ૨૦૦૬–૦૭

સને ૨૦૦૬–૦૭ ના વર્ષ દરમ્યાન સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવેલ રોકાણોની તારીજ અંગેની વિગત દર્શાવતું પત્રકઃ

| અનુક્રમ નંબર | રોકાણોની વિગત – બેંકનું નામ– અન્ય સ્થળે. | રોકાણોની રકમ (સર્ટીફીકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ. | રોકાણ પાકયા તારીખ. | રોકાણ વટાવ્યા તારીખ. | રોકાણની મૂળરકમ જે ૮૩૩૬ સદરે જમા કરાવેલ છે તે. | રોકાણની વ્યાજની રકમ ૦૦૪૯ સદરે જમા કરાવી તે. | રોકાણ જમા કરાવ્યા તારીખ. | વિલંબથી જમા કરાવેલ રોકાણનો સમય. | નોંધ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) |
| ---------------શૂન્ય--------------- | | | | | | | | | | |

## પત્રક–૬

સંસ્થાનું નામ: ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. ઓડીટ વર્ષ : સને ૨૦૦૬–૦૭

| અ.નં. | રોકાણની વિગત બેંકનું નામ અન્ય સ્થળે. | રોકાણની રકમ (સર્ટીફીકેટ દીઠ) | રોકાણ કર્યા તારીખ. | રોકાણ પાકયા તારીખ. | પાકતી તારીખે મળવાપાત્ર રકમ. | નોંધ. |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ---શૂન્ય--- | | | | | | |

**પત્રક -૭**

સંસ્થાના સને ૨૦૦૬-૦૭ ના અન્વેષણ દરમ્યાન સૂચવેલ વસુલાત, વાંધા હેઠળ તથા અમાન્ય રકમની વિગત દર્શાવતું પરિશિષ્ટ...

| અનુ. નંબર | ફકરા નંબર | વસુલાતપાત્ર રકમ. રૂા. | વાંધા હેઠળ રકમ રૂા. | અમાન્ય રકમ. રૂા. | સરકારશ્રીમાં જમા કરાવવાપાત્ર |
|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૬૨૯-૦૦ | --- | --- | |
| ૨ | ૧૧ | --- | ૧૩,૧૫,૦૫૨-૫૧ | --- | |
| ૩ | ૧૨ | | | | ૧૩,૮૨,૪૧૬-૦૦ |
| | | ૬૨૯-૦૦ | ૧૩,૧૫,૦૫૨-૫૧ | | ૧૩,૮૨,૪૧૬-૦૦ |